# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-05-2024 Evening : 7.50 to 8.00
Day : FRIDAY National News

**આકાશવાણી સમાચાર અર્પિશા રાજપુરોહિત વાંચે છે.**

**************************************************

- ✓ લોકસભા ચૂંટણીનાં ચોથા તબક્કાનાં પ્રચાર માટે આવતી કાલે અંતિમ દિવસ છે ત્યારે ટોચનાં રાજકીય પક્ષોના નેતાઓએ જાહેરસભાઓ સંબોધી.
- ✓ ચૂંટણી પંચે મતદાનની ટકાવારીના આંકડા પ્રસિધ્ધ કરવામાં ગેરસંચાલન અને વિલંબ મુદ્દે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કરેલા આક્ષેપોને ફગાવ્યા.
- ✓ કથિત શરાબ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનાં વચગાળાના જામીન મંજૂર કર્યા – તિહાર જેલમાંથી મુક્ત થયા.
- ✓ આજે અક્ષય તૃતિયાના શુભ દિવસે વૈદિક મંત્રોચ્ચાર અને પરંપરાગત ધાર્મિક વિધી સાથે ચારધામની યાત્રાનો પ્રારંભ.
- ✓ ત્રણ અપક્ષ ધારાસભ્યોએ ભાજપ સરકારને ટેકો પાછો ખેંચી લેતા કોંગ્રેસે હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગણી કરી.
- ✓ આઇપીએલમાં ચેન્નાઇ સુપરકિંગ્સે ગુજરાત ટાઇટન્સ સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Election Campaign..

લોકસભા ચૂંટણીનાં ચોથા તબક્કાનાં પ્રચાર માટે આવતી કાલે અંતિમ દિવસ છે ત્યારે ટોચનાં રાજકીય પક્ષોનાં નેતાઓએ આજે જાહેરસભાઓ સંબોધી હતી અને રોડ શો કર્યા હતા. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ તેલંગાણાના નારાયણપેટ અને હૈદરાબાદ ખાતે જાહેરસભાઓ સંબોધી હતી.

મહારાષ્ટ્રના નંદુરબાર ખાતે જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, એનડીએ સરકારે દેશનાં આદિવાસી વિસ્તારોમાં પાકા ઘરો, વીજળી, નળ અને ગેસનાં જોડાણ સહિતની સુવિધાઓ પૂરી પાડી છે. તેમણે જણાવ્યું કે, એનડીએ સરકારે પીએમ આવાસ યોજના હેઠળ નંદુરબારમાં 1.25 લાખ પાકા મકાનોનું નિર્માણ કર્યું છે અને કુપોષણ સામે લડવા જિલ્લામાં 12 લાખથી વધુ લોકોને મફતમાં રાશન પૂરું પાડ્યું છે.પ્રધાનમંત્રી આજે સાંજે ઓડિશાનાં ભુવનેશ્વરમાં રોડ શો યોજશે.

દરમિયાન, ઉત્તરપ્રદેશમાં આજે ટોચનાં નેતાઓ દ્વારા ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા અને પૂરજોશમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાજ્યમાં સંયુક્ત રીતે રેલીને સંબોધન કર્યું હતું. બંને નેતાઓએ કનૌજમાં ચૂંટણી સભાને સંબોધતા ભાજપ સામે આક્ષેપ કર્યા હતા. બંનેએ કાનપુર જિલ્લામાં પણ સંયુક્ત રીતે જાહેર સભાને સંબોધન કર્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતા અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુર અને બહરિચમાં રેલી સંબોધી હતી. દરમિયાન, ઉત્તર પ્રદેશમાં આજે કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને વારાણસી બેઠક પરથી ઉમેદવાર અજય રાય, કેન્દ્રીય મંત્રી અને ચંદૌલીથી ભાજપના ઉમેદવાર ડૉ. મહેન્દ્રનાથ પાંડેએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. ફિલ્મ અભિનેતા અને ગોરખપુરથી ભાજપના ઉમેદવાર રવિ કિશને પણ ઉમેદવારીપત્ર ભર્યું હતું.

## Kharge

ચૂંટણી પંચે મતદાનની ટકાવારીના આંકડા પ્રસિધ્ધ કરવામાં ગેરસંચાલન અને વિલંબ મુદ્દે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કરેલા આક્ષેપોને ફગાવી દીધા છે. કોંગ્રેસ પ્રમુખને લખેલા પત્રમાં પંચે જણાવ્યું હતું કે, હકીકતો ચકાસ્યા વિના પક્ષપાતી આક્ષેપો કરવામાં આવ્યા છે અને દ્વિધા ઊભી કરવા માટેનો આ ઇરાદાપૂર્વકનો પ્રયત્ન છે. ઉલ્લેખનીય છે કે શ્રી ખડગેએ અગાઉ ચૂંટણી પંચ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા મતદાન ટકાવારીના આંકડામાં વિસંગતતા હોવાનો અને નોંધાયેલા મતદારોના આંકડા પ્રસિધ્ધ ન કરવાનો આક્ષેપ કર્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, રાજકીય પક્ષનાં પ્રમુખ દ્વારા ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનિયતા સામે પ્રશ્ન ઉઠાવવાથી મતદારોની ભાગીદારી પર નકારાત્મક અસર ઉપજાવી શકે છે. પંચે શ્રી ખડગેને સાવચેતી રાખવા અને આ પ્રકારનાં નિવેદનો ટાળવા સલાહ આપી હતી.

## Revise... SC Kejriwal bail-1

કથિત શરાબ નીતિ કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનાં 21 દિવસ માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે અને 2 જૂનનાં રોજ શરણે આવવા જણાવ્યું છે. સાત તબક્કાની લોકસભા ચૂંટણી માટેનું મતદાન 1 જૂને પૂરું થવાનું હોવાથી તેનાં પછીનાં દિવસે આમ આદમી પાર્ટીનાં નેતાને હાજર થવા નિર્દેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કેજરીવાલે હાલમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી  માટે પ્રચાર ઝૂંબેશમાં ભાગ લેવા જેલમાંથી મુક્તિની માંગણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે કેજરીવાલની ધરપકડમાં થયેલા વિલંબ અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે, કેન્દ્રીય તપાસ સંસ્થાએ શ્રી કેજરીવાલ સામે 22 ઓગસ્ટ, 2022નાં રોજ એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફોર્મેશન રિપોર્ટ નોંધાવ્યો હતો પણ આ વર્ષે 21 માર્ચનાં રોજ

તેમની ધરપકડ કરી હતી. હાલમાં તેઓ દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે. બીજી બાજુ, સર્વોચ્ચ અદાલતે અન્ય એક કેસમાં ઝારખંડના ભૂતપુર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને લોકસભા ચૂંટણીમાં પ્રચાર માટે વચગાળાનાં જામીન માટે માંગણી કરતી પિટિશન પર ચૂકાદો આપવા હાઇકોર્ટને નિર્દેશ આપવા કરેલી અરજી ફગાવી દીધી હતી.

દરમિયાન, આમ આદમી પાર્ટીએ અરવિંદ કેજરીવાલને વચગાળાનાં જામીન મંજૂર કરતા સર્વોચ્ચ અદાલતનાં નિર્ણયને આવકાર્યો હતો. પક્ષના વરિષ્ઠ નેતા ગોપાલ રાયે જણાવ્યું હતું કે, બંધારણમાં વિશ્વાસ ધરાવનારા તમામ માટે સર્વોચ્ચ અદાલતનો નિર્ણય આશાનાં કિરણ સમાન છે. આપના નેતા અતિશીએ જણાવ્યું કે, અદાલતનો ચૂકાદો સત્યનો વિજય થયો હોવાનું પુરવાર કરે છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ પણ સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને આવકાર્યો હતો .

દરમિયાન, ભાજપના નેતા મનજીન્દરસિંઘ સિરસાએ જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતનો ચૂકાદો સ્પષ્ટપણે દર્શાવે છે કે શ્રી કેજરીવાલને માત્ર ચૂંટણી પ્રચાર માટે જ જામીન મળ્યા છે અને તેમણે બીજી જૂને પુનઃ જેલમાં જવું પડશે.

જામીનની શરતો પ્રમાણે કેજરીવાલ મુખ્યમંત્રીની ઓફિસ અને દિલ્હી સચિવાલયની મુલાકાત નહીં લઈ શકે. લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી મેળવવી જરૂરી ન હોય તો તેઓ કોઈ સત્તાવાર ફાઇલ પર હસ્તાક્ષર પણ નહીં કરી શકે. તેઓ વર્તમાન કેસમાં પોતાની ભૂમિકા અંગે કોઇ ટિપ્પણી પણ નહીં કરી શકે, સાક્ષીઓ સાથે વાતચીત નહીં કરી શકે અને કેસ સાથે સંકળાયેલી કોઈ ફાઇલ નહીં મેળવી શકે. મોડી સાંજે શ્રી કેજરીવાલ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા.

## Char Dham Yatra..

આજે અક્ષય તૃતિયાના શુભ દિવસે વૈદિક મંત્રોચ્ચાર અને પરંપરાગત ધાર્મિક વિધી સાથે ચારધામની યાત્રાનો પ્રારંભ થયો હતો. આજે કેદારનાથ અને ગંગોત્રી-યમનોત્રીનાં કપાટ ખૂલ્યા હતા. બપોર બાદ હવામાન બદલાતાં વરસાદ

પડ્યો હતો. શ્રધ્ધાળુઓ વરસતા વરસાદમાં જ દર્શન માટે રવાના થયા હતા. આ પ્રસંગે ત્રણેય ધામ ખાતે શ્રધ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી. પવિત્ર યાત્રાનાં પ્રારંભ સમયે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી. બદરીનાથનાં ધામ 12 મેએ ખૂલશે. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ યાત્રાળુઓ માટે સુવિધાઓ વધારવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘એક્સ’ પર આપેલા સંદેશામાં શ્રધ્ધાળુઓને ચાર ધામ યાત્રાના પ્રારંભ પ્રસંગે શુભેચ્છા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, “બાબા કેદારનાથ ધામ સહિત ચારેય ધામની આ યાત્રા શ્રધ્ધાળુઓ માટે એક એવી અધ્યાત્મિક અને સાંસ્કૃતિક યાત્રા છે, જેનાંથી તેમને આસ્થા અને ભક્તિને નવી સ્ફૂર્તિ મળે છે.”

## Brijbhushan Singh

દિલ્હીની રાઉઝ એવન્યુ અદાલતે મહિલા પહેલવાનોનાં યૌન શોષણ કેસમાં ભારતીય કુશ્તી સંઘના ભૂતપુર્વ અધ્યક્ષ અને ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણસિંઘ વિરુધ્ધ આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. એડિશનલ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પ્રિયંકા રાજપુતે છમાંથી પાંચ મહિલા પહેલવાનોએ મૂકેલા આક્ષેપોની નોંધ લઈને બ્રિજભૂષણસિંહ વિરુધ્ધ આરોપ ઘડવાનો આદેશ આપ્યો હતો, જ્યારે એક મહિલા પહેલવાને કરેલા આરોપમાં બ્રિજભૂષણસિંહને મુક્ત કરવામાં આવ્યો છે. અદાલતે બ્રિજભૂષણસિંહ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ 354, 354એ અને 506 અંતર્ગત આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. અદાલતે આ કેસમાં સહ આરોપી અને ભારતીય કુશ્તી સંઘના ભૂતપુર્વ સચિવ વિનોદ તોમર વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ 506 હેઠળ આરોપ ઘડવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે રાઉઝ એવન્યુ અદાલતે આ કેસની પુનઃ તપાસની માંગ કરતી બ્રિજભૂષણ સિંહની અરજી ફગાવી દીધી હતી.

દરમિયાન, કુશ્તીની વૈશ્વિક સંચાલન સંસ્થા UWWએ ડોપ પરિક્ષણ કરવાનો ઇનકાર કરવા બદલ બજરંગ પુનિયાને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવાના રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સીનાં નિર્ણય બાદ તેને ચાલુ વર્ષનાં અંત સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. બજરંગ પુનિયાને ડોપિંગ વિરોધી એજન્સીએ 23 એપ્રિલે સસ્પેન્ડ કર્યો હતો.

## Chhattisgarh Maoist

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 12 માઓવાદીઓ માર્યા ગયા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગંગાલુર વિસ્તારના પેડિયા ગામ નજીકના જંગલમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સની ટીમ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી. માઓવાદીઓ સાથે લગભગ 4 કલાક સુધી ચાલેલી અથડામણ બાદ 12 માઓવાદીઓના મૃતદેહ ઉપરાંત, આ વિસ્તારમાંથી મોટી માત્રામાં શસ્ત્રો અને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે.

આ અથડામણમાં બે સુરક્ષાકર્મીઓ પણ ઘાયલ થયા છે.

## Haryana Congress

ત્રણ અપક્ષ ધારાસભ્યોએ ભાજપ સરકારને ટેકો પાછો ખેંચી લેતા કોંગ્રેસે હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગણી કરી છે.

## IPL Cricket..

આઇપીએલ ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચેન્નાઇ સુપર કિંગ્સે ગુજરાત ટાઇટન્સ સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે.પોઇન્ટ ટેબલમાં ચેન્નાઇ સુપર કિંગ્સ ત્રીજા ક્રમે છે, જ્યારે ગુજરાત ટાઇટન્સ સૌથી છેલ્લે છે. ચેન્નાઇ સુપર કિંગ્સ આજે જીતશે તો પ્લે ઓફમાં પહોંચવાની તેની આશા મજબૂત બનશે.